દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫

# લશ્કરે તૈયબા, જૈશ એ મોહંમદ અને ISIS જેવા આતંકી સંગઠનોએ તેમનું નામ બદલીને 'નામર્દ સેના' કરી નાંખવુ જોઇએ

એ દિવસ હતો 22 એપ્રિલ 2025 જ્યારે કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં પર્યટકો હાજર હતા. તેઓ કાશ્મીરને કુદરતે આપેલી બક્ષીસની મોજ માણી રહ્યાં હતા ત્યારે જ એક ખૂણામાંથી ધડાધડ ફટાકડા ફૂટવાનો અવાજ શરુ થઇ ગયો. જો કે આ અવાજ ફટાકડાનો ન હતો. આતંકવાદીઓ ગોળીબાર કરી રહ્યાં હતા. આતંકવાદીઓએ પર્યટકો અને સ્થાનિકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં કુલ 37 લોકોનાં મોત થયા હતાં. મૃતકોમાં બે વિદેશી નાગરિક પણ હતા. મૃતકોમાં ત્રણ સ્થાનિક અને બાકીના ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, ઓડિસા સહિત અન્ય રાજ્યોના નાગરિક હતા. આતંકવાદી સંગઠન TRF એ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. આ લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું આતંકવાદી સંગઠન છે. અહીં મહિલાઓને છોડી દેવામાં આવી હતી પરંતુ તમામ પાસે મુસ્લિમ હોવાના પુરાવા માંગવામાં આવ્યા હતાં. તેમને કલમો પઢવાનું કહેવામાં આવ્યું હતું જે લોકો તેમ નહીં કરી શક્યા તેમને તેમની પત્નીની સામે જ ગોળી મારવામાં આવી હતી. આતંકવાદીઓ જાણતા હતાં કે જેમની પર તેઓ હુમલો કરવાના છે તેમની પાસે હથિયાર નથી. તેઓ સામનો કરવાની સ્થિતિમાં નથી એટલે આવા લોકોને ગોળી મારીને લશ્કરે તોઇબાએ તેની મર્દાનગી સાબિત કરી હતી. ખરેખર તો સંતાઇને હુમલો કરનારાઓ માટે મર્દ શબ્દનો પ્રયોગ કરવો પણ ખોટો છે. આવા લોકોને હિજડા જ કહી શકાય કારણ કે તેઓ પાછળથી સંતાઇને હુમલો કરે છે. માત્ર પુરુષનું શરીર ધારણ કરી લેવાથી મર્દ નથી થઇ જવાતું મર્દ બનવા માટે હિંમત, ઇમાન અને તાકાત ત્રણે ત્રણની જરુર પડે છે. જો આવા જ હુમલાઓ કરવાનું હોય તો લશ્કરે તોઇબાએ તેનું નામ બદલીને 'નામર્દ સેના' કરી નાંખવું જોઇએ. આવો જ હુમલો આજે ઓસ્ટ્રેલિયામાં થયો હતો. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં આવેલા બોન્ડી બીચ પર રવિવારે (14 ડિસેમ્બર) અંધાધૂંધ ગોળીબારની ઘટના બની હતી. જેમાં એક શૂટર સહિત 12 લોકોના મોત થયા હતા. આ હુમલો બીચ પર તહેવાર મનાવી રહેલા લોકો પર સંતાઇને કરવામાં આવ્યો હતો. જો કે અહીં એક હથિયાર વગરનો મર્દ માણસ હથિયારધારી હિજડા જેવા આતંકવાદીનો સામનો કરતો જોવા મળ્યો હતો. અહીંના વાયરલ થઈ રહેલા વીડિયોમાં એક સ્થાનિક વ્યક્તિએ શૂટરને પાછળથી પકડી લીધો હતો. આ વીડિયોમાં એક વ્યક્તિ ગોળીબાર દરમિયાન એક કાર પાછળ છૂપાયેલો નજરે આવી રહ્યો છે. ત્યારે હુમલાખોર પાર્કિંગ એરિયામાં બંદૂક સાથે ગોળીબાર કરતો નજરે આવી રહ્યો છે. શૂટર બીજી તરફ પલટતા જ કાર પાછળ છૂપાયેલા વ્યક્તિએ શૂટરને પાછળથી પકડી લીધો. ત્યારબાદ બંને વચ્ચે ઝપાઝપી થાય છે. જેમાં બહાદુર વ્યક્તિ શૂટર પાસેથી બંદૂક છીનવી લે છે. બંદૂક છીનવતા જ શૂટર પટકાય છે. વ્યક્તિ હુમલાખોર પર બંદૂક તાકે છે, જેના પછી શૂટર ભાગી જાય છે. તે વ્યક્તિ પીછો કરે છે. બાદમાં પોલીસ આવીને તેને પકડી લે છે. પોતાની જાતને પોતાની જ દુનિયામાં મર્દ હોવાનો દાવો કરતો આતંકવાદી બંદૂકનું નાળચું જોઇને ભાગી ગયો હતો. આ દ્રશ્ય જોઇને અમિતાભ બચ્ચનના અગ્નિપથ ફિલ્મનો એક ડાયલોગ યાદ આવી જાય છે. ' હે કાંચા સાલા બંદૂક ભી દિખાતા હૈ ઔર પીછે ભી હટતા હે' આતંકવાદીઓના હાથમાં બંદૂક નહીં હોય તો તેઓ મહાભારતના પાત્ર શિખંડી જેવા છે તે આજે ઓસ્ટ્રેલિયામાં આતંકવાદીની બંદૂક ઝુંટવાયા પછીની હાલત પરથી સ્પષ્ટ કહી શકાય છે. બબ્બર ખાલસા પણ આતંકવાદી સંગઠન હતું પરંતુ તેઓ આવા બાયલા ન હતાં. તેઓ હુમલો કરતાં પહેલા જ કહી દેતા હતા કે અમે આ હુમલો કરવાના છે અને કરીને બતાવતા હતાં. આતંકવાદને કોઇકાળે સમર્થન નહીં કરી શકાય પરંતુ આ વાત એટલા માટે લખવી પડે છે કે આતંકવાદી હોવ તો પણ મર્દની જેમ હુમલો કરવો જોઇએ નામર્દની જેમ સંતાઇને નહીં. મહાભારતનું યુદ્ધ થયું હતું તેને અધર્મ અને ધર્મ વચ્ચેનું યુદ્ધ માનવામાં આવ્યું હતું. તે સમયે નિયમ બન્યા હતા કે રથી રથી સાથે, મહારથી મહારથી સાથે અને અતિરથી અતિરથી સાથે લડશે તેમજ જેઓ રથ ઉપર સવાર નહીં હોય તેવા રથી અને જેઓ હથિયાર વિહોણા હોય તેમના પર હુમલો કરવો નહીં. યુદ્ધમાં પણ આ નિયમ બનાવવામાં આવ્યા હતાં પરંતુ હાલમાં આઇએસઆઇએસ હોય, હમાસ હોય, હુથી હોય, લશ્કરે તૈયબા હોય, જૈસ એ મોહંમદ હોય આ તમામ આતંકવાદી સંગઠનના આતંકી બિનહથિયારી લોકો પર હુમલો કરવામાં માહેર છે. આ સંગઠનોના કમાન્ડર પણ શિખંડી જેવા છે તેમનામાં એવી તાકાત જ નથી કે કોઇ મર્દનો સામનો કરી શકે. આ એવા સંગઠનો છે જેના કમાન્ડર સંતાઇને જિંદગી વિતાવે છે. લશ્કરે તોઇબા અને જૈશ એ મોહમંદના કમાન્ડરો પાકિસ્તાનમાં પણ ખુલ્લેઆમ ફરતા ગભરાઇ છે કારણ કે તેઓ કોઇનો સીધો સામનો કરવાની ક્ષમતા જ નથી ધરાવતા. જેમની પાસે હથિયાર નથી તેવા પર હથિયારથી હુમલો કરવો. સંતાઇને હુમલો કરવો. બોમ્બ પ્લાન્ટ કરવા આમાં કશે પણ મર્દાનગી દેખાતી નથી. આવા આતંકવાદીઓ પાસેથી જો એકે 47 કે એકે 56 છીનવી લેવામાં આવે તો ચોક્કસ જ તાળી પાડવાવાળાના ટોળા જેવું જ કામ કરી શકે તેમ છે કારણ કે, તેમને બીજું કોઇ કામ આવડતું જ નથી. ઓસ્ટ્રેલિયામાં બંદૂક છીનવાઇ ગઇ પછી આવા નામર્દ આતંકવાદીઓની શું હાલત થાય છે તેનો વીડિયો આખી દુનિયામાં ફરી રહ્યો છે.

# અધ્યાત્મનું શિખરઃ ભગવાન મહાવીર


અક્ષરની આરાધના

સંપાદનઃ નરેશ શુક્લ

ભારતીય ઉપખંડમાં વૈદિક ધર્મની સમાન્તરે જ બહુ મોટી ધારા રૂપે બે અઢી હજાર વર્ષની પરમ્પરા ધરાવતાં જૈન અને બૌદ્ધ ધર્મનું બહુ મોટું પ્રદાન છે. લાખોની સંખ્યામાં જૈન ધર્મની પ્રત્યક્ષ આરાધના કરનારાં જૈનોનો જૈનેતર સમાજ પર પણ બહુ મોટો પ્રભાવ છે. ખાસ કરીને અહિંસા, આત્મવિકાસ, અપરિગ્રહપણુ અને અનેકાંતવાદ જેવા પાયાનાં સિદ્ધાંતોએ ભારતીય સમાજ પર એટલો બધો પ્રભાવ પાડ્યો છે કે આર્યોનાં ધર્મસિદ્ધાંતોમાં પણ થોડાં ભેદે એ મળે છે. અવતારવાદ, જડ-ચેતન તત્ત્વો સાથેનો વ્યવહાર, ઇન્દ્રિયો પર વિજય મેળવવાની મથામણરૂપ કઠોર તપસ્યા, મનુષ્યેતર જીવો સાથેનો સમ્બન્ધ, માયા અને સંસારચક્રથી છૂટવાની મથામણ જેવા અધ્યાત્મને લગતાં વિચારો ભારતીય પ્રજામાં ઓતપ્રોત થઈ ગયા છે. માંસાહારનો વિરોધ, જીવહત્યા વિષેનો સૂક્ષ્મ વિચાર આપણાં બંધારણના ઘડતરમાં ય થોડા-ઘણાં રૂપભેદે સ્વીકારાયો છે. એ જ રીતે જૈન ધર્મનાં ઘણાં સિદ્ધાતો રોજબરોજની જિંદગીમાં સહજ રીતે વણાઈને જીવનપથમાં ઓતપ્રોત છે. રાજસ્થાન, ગુજરાત જેવા રાજ્યોમાં હજારેક વર્ષથી જૈન ધર્મ ખાસ્સો પ્રભાવિત રહ્યો છે. ઈતિહાસવિદોના મતે સંસ્કૃતકેન્દ્રી બ્રાહ્મણધર્મોમાં ક્રમશઃ આવેલ જડતાના વિરોધમાંથી જન્મેલ આ બંને ધર્મોએ ઈશ્વરવાદ અને નિરૂઈશ્વરવાદ બંને બાજુથી પ્રભાવ પાડેલો. જો કે, બૌદ્ધ ધર્મ આદિ શકરાચાર્ય દ્વારા થયેલ પુનઃ સ્થાપન પછી પૂર્વ તરફના દેશોમાં ખસતો ગયો, જૈન ધર્મ અડિખમ રીતે ભારતીય ભૂમિમાં ઓગળતો ગયો.

પ્રસ્તુત પુસ્તક એક અર્થમાં સાવ નાનકડી એવી પુસ્તિકા છે, જેમાં જૈન ધર્મનાં ચોવીસમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના જીવનચરિત્રને બહુ જ ટૂંકમાં રજૂ કરે છે. એક રીતે કહીએ તો પ્રવેશક જેવું પુસ્તક છે. મહાવીર સ્વામીના જન્મ પહેલાથી માંડીને નિર્વાણ સુધીની મહત્ત્વની ઘટનાઓનો સહજ સરળ ભાષામાં આલેખવા સાથે જૈન ધર્મનાં અને માહાવીર સ્વામીએ પ્રબોધેલાં ચાર સિદ્ધાંતોને ટૂંકાણથી આલેખે છે. આરંભે જ પુસ્તકનો આવો પરિચય આપવામાં આવ્યો છે- જૈન શાસ્ત્રો કહે છે કે આ ભારતભૂમિમાં આજથી 2622 વર્ષ પૂર્વે વર્ધમાનકુમાર નામના એવા મહામાનવ જન્મેલા, જેમણે પોતાના 72 વર્ષના જીવન દરમ્યાન એવી આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી કે તેમના નિર્વાણ પછી આજે 2550 વર્ષે પણ એમનું જીવન અને એમના ઉપદેશો સમગ્ર વિશ્વને સાચો રસ્તો બતાવે છે...આ જીવનચરિત્રનો મુખ્ય આધાર પરમપવિત્ર શ્રીકલ્પસૂત્ર નામનું અતિ પ્રાચીન જૈન શાસ્ત્ર છે. સહુ કોઈ ભારતીય તથા વિદેશી વિદ્વાનોએ પ્રાચીન શિલ્પોનો આધાર લઈ તે શાસ્ત્રની પ્રાચીનતાને પ્રમાણિત કરેલી છે.

હાલના ઝારખંડ રાજ્યના લચ્છવાડ ખાતે ક્ષત્રિયકુંડ નગરના મહારાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાના એ ત્રીજા ક્રમે જન્મેલાં રાજકુમાર હતા. જન્મ પૂર્વે જ માતાને સ્વપ્નો આવેલાં, ફળકથન કરનાર વિદ્વાને મહાન આત્મા અવતરણની આગાહી કરી દીધેલી. વૈરાગ્યને માર્ગે જનાર આ આત્મા કર્મફળ ભોગવવા અને મોક્ષપ્રાપ્તિના શિખર પર પહોંચવા જ આવેલાં એવા નિર્દેશો સૌ કોઈને અગાઉ મળી ચૂકેલાં. સન્યાસ તરફનો ઝોક, પરિવારજનોનો આગ્રહ સમજીને છૂટવાની મથામણ, દીક્ષાવિધિ, ત્યાગવૃત્તિના ક્રમશઃ સૂક્ષ્મ બનતાં જતાં રૂપો, સાધુત્વ ધારણ કર્યા પછીના વર્ષોમાં તીર્થ-સ્થાપન અને અનુયાયીઓને આપેલ ઉપદેશો, જીવન દરમિયાન બનેલ સુખ-દુઃખની ઘટનાઓ, ઇન્દ્રિયનિગ્રહની આકરી મથામણ અને જીવનકર્મની ભરપાઈ કરવાની તત્પરતા દાખવતાં દેવાર્ય. અને એમની અંતિમ અવસ્થાનું વર્ણન ટૂંકમાં કરવામાં આવ્યું છે. એમની સાધનાની ધરી જણાવતાં લેખક કહે છેઃ આ સ્થૂલકાયા એ મારું વાસ્તવિક અસ્તિત્વ નથી. મારું વાસ્તવિક અસ્તિત્વ છે, મારો આત્મા. તે શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર છે. કાયા તો એને વળગેલું બંધન છે. એ બંધન એમ ને એમ તો સર્જાય નહીં. એ બંધનના મૂળમાં છે, સંસારના પદાર્થોની મમતા અને એના દ્વારા મારા આત્માને વળગેલા કર્મો. એ તોડવાનો ઉપાય છેઃ દેહની પણ મમતા તોડવી. એ તૂટે છે ખુદમાં મસ્ત રહેવાથી. (પૃ.16)




ભગવાન મહાવીર સ્વામીના જીવન સાથે સંકળાયેલ એક પ્રસંગ બહુ જ પ્રસિદ્ધ છે એ છે ભરવાડે એમનાં કાનમાં સોયા ભોંકી દીધાનો પ્રસંગ. લખે છે- વાત એમ બની કે એક ગોવાળે ધ્યાનમાં રહેલા દેવાર્યને પોતાના બળદ ધ્યાન રાખવા ભળાવ્યા ને ગોવાળ ક્યાંક ગયો. દેવાર્ય તો પોતાના ધ્યાનમાં હતા, બળદોનું ધ્યાન કોણ રાખે...એ તો ગયા વનમાં. ગોવાળ કામ પતાવી પાછો આવ્યો. પૂછ્યું ક્યાં છે મારા બળદો...જવાબ કોણ આપે..ગોવાળને કાળ ચડ્યો. તારે કાન છે કે બાકોરાં.. આવા ગુસ્સાભર્યા વેમ કાઢી એણે બે શૂળ બે કાનમાં ઘુસાડી દીધી. બહારનો ભાગ કાપી નાંખ્યો...

દેવાર્ય એક વણિકને ત્યાં ગોચરી ગયા. ત્યાં ઘરમાં વણિકનો એક મિત્રવૈદ્ય પણ હાજર હતો. તેને ચહેરો જોતા જ અંદર રહેલા શલ્યનો અંદાજ આવ્યો. દેવાર્ય તો ગોચરી પતાવી નીકળી ગયા. વૈદે મિત્રને વાત કરી. બંને ઉદ્યાનમાં જ્યાં દેવાર્ય હતા ત્યાં આવ્યા. દેવાર્યના શરીરનું શલ્ય દૂર કરવાના શુભભાવથી બન્નેએ જરૂરી પ્રક્રિયા કરી એ શૂળ ખેંચી કાઢી. તે ક્ષણે દેવાર્યના શરીરને અપાર કષ્ટ પડ્યું. વેદનાએ જ જાણે પીડાથી ચીસ પાડી. બસ અહીં કષ્ટોની ટોચ અને અંત બંને હતું. (પૃ. 19)

આ શૈલીએ અહીં મહાવીર સ્વામીનું ચરિત્ર ટૂંકમાં આલેખાયું છે. જેમને પ્રારંભિક પરિચય કરવો છે એમના માટે ઉપયોગી બને. બાળકો અને વિદ્યાર્થીઓની જિજ્ઞાશાને સંતોષે એવું પુસ્તક છે.

જૈન ધર્મનો સૌથી મોટો વિશેષ સૌ કોઈએ જાણવા જેવો છે. જૈનો જે ધર્માદો કરે છે એના વિવિધ હેડ વહેંચવામાં આવ્યા છે. એમાંથી ખાસ્સો મોટો ભાગ ગ્રંથોની સાચવણીમાં જાય છે. ગ્રંથાગાર તૈયાર કરવા એ જૈનોની વિશિષ્ટ અને સૌ કોઈએ અપવાવવા જેવી પ્રવૃત્તિ છે. છેલ્લાં બારસો-પંદરસો વર્ષ જૂનાં ગ્રંથો સાચવવા, એની પ્રતો તૈયાર કરીને નવા નવા સ્થળે રચાતાં ભંડારોમાં મોકલવી એ જૈન ધર્મોએ કર્યું એવું અન્ય સંપ્રદાયો નથી કરી શક્યાં. પરિણામે આજે મધ્યકાલીન ગ્રંથોની હસ્તપ્રતો ત્યાં ઉપલબ્ધ થાય છે. પાટણ, કોબા, અમદાવાદ, સૂરત, મુંબઈથી માંડી અનેક જૈનક્ષેત્રોમાં આવા અમુલ્ય વારસો સાચવતાં ગ્રંથાલયો સચવાયા છે. કમનસીબે કર્મકાંડ તરફ સવિશેષ ધ્યાન જાય છે સૌ કોઈનું, પ્રત્યક્ષ અભ્યાસ અને ગ્રંથવાચનનો વિસ્તાર થવો જોઈએ એટલો થતો નથી, જૈનોમાં પણ નવી પેઢી જેટલો સમય અર્થોપાર્જન અને પૂજા-પાઠમાં વ્યતિત કરે છે એનો પા ભાગ પણ આ અમૂલ્ય ગ્રંથોના વાચન માટે ફાળવી શકતી નથી એ વાત મેં મહારાજસાહેબો પાસેથી જાણી છે- એ દુઃખદાયક છે. મંદિરો બહુ જ મહત્ત્વના છે, પણ એથીએ વધારે મહત્ત્વનું છે આત્મજ્ઞાન અને સિદ્ધાંતોનું જ્ઞાન...આશા રાખીએ આપણા સૌની વાચનવૃત્તિ વધારે પ્રજ્જવલિત થાય અને પૂર્વસૂરિઓના શબ્દોમાં છૂપાયેલ જીવનતત્ત્વ આપણાં સુધી પહોંચે. આવા ગ્રંથો એ દિશામાં જવાનું પહેલું પગથિયું છે.


(અધ્યાત્મનું એવરેસ્ટઃ ભગવાન મહાવીર, લે. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા, પ્રકા. અધ્યાત્મ પરિવાર, અધ્યાત્મ ભવન, ત્રીજો માળ, આનંદ શ્રાવક, આરાધના ભવન, શ્રી શાંતિવર્ધક જૈન સંઘ, સંજીવકુમાર ઓડિટોરિયમની બાજુમાં, પાલ, સૂરત- 395 009, કુલ પૃ. 60, કિં. અમૂલ્ય, કાચું પૂંઠું, ક્રાઉન)

# ભરત વિંઝુડાની ગઝલો, તમારા માટે....

આમ તો સર્વસામાન્ય સ્થિતિ જોઈએ તો અત્યારે ગુજરાતી સાહિત્યમાં ગઝલ લખવાની પ્રવૃત્તિ એની ટોચ પર છે. પંજાબમાં જેટલો ફાલ રૅપ- ગાયકોનો ઉતરી રહ્યો એટલો જ ફાલ આપણે ત્યાં હળવા ટૉનમાં ગઝલકારોનો ઉતરી રહ્યો છે એમ કહીએ તો ખોટું નથી. પણ જે અભ્યાસીઓ છે, જે ખરેખર સમૃદ્ધ એવી ગઝલનાં સેવનથી સજ્જ ભાવક છે એ જાણે છે કે, ભલે આ કલશોર મચ્યો હોય, ટોળાં ઉભરાતાં હોય એવી સ્થિતિ હોય પણ કેટલાક એવા કવિઓ છે, ગઝલકારો છે જે પૂરી સજ્જતાથી, પૂરી સમજ સાથે અને ખરા અર્થમાં આંતરિક જરુરિયાતમાંથી લખતા હોય છે. ભરત વિંઝુડા એવા ગઝલકાર છે. સાતત્યથી ગઝલનું ગંભીર સેવન કરી રહેલાં આ કવિ આંતરિક સમૃદ્ધિથી ઉભરાય છે. સજ્જ છે અને સાધનારત છે અને એટલે જ આપણાં સુપ્રસિદ્ધ કવિ વિનોદ જોશી એમના વિશે લખે છે- 'આ કવિ મારી દૃષ્ટિએ અનુઆધુનિક કવિ છે. એટલા માટે કે પ્રયોગશીલ છે. પ્રયોગખોર નથી. બીજું, એ ભાવકને પોતાની સાથે રાખીને ચાલે છે. એમના કવિ-સ્વભાવમાં સાલસતા છે. ઉદ્દંડતા નથી. એ પ્રયોગના નામે કવિતા સાથે કોઈ અટકચાળા કરતા નથી. એમની કવિતામાં એક પ્રકારની સ્વસ્થતા છે, ગાંભીર્ય છે, ઊંડાણ છે અને એ દ્વારા મનુષ્ય સાથેનું સીધું અને તીવ્ર એવું અનુસંધાન છે. એમની અભિવ્યક્તિ શાલીન છે, પરંતુ પરંપરા અને અભિનવતા બંનેનો સમન્વય એમની કવિતામાં છે અને એ મને ગમે છે. મારી દૃષ્ટિએ મનોજ ખંડેરિયા પછી એ પ્રકારની ઊંચાઈવાળી ગઝલો લખતો આ એક નોંધપાત્ર ગઝલકાર છે.'(ટાઈટલ-4 પર)

ભરત વિંઝુડાની ગઝલમાં જે આગવો મિજાજ જે રીતે પ્રગટે છે તે મજાનો હોય છે. જીવનને જોવાની દૃષ્ટિ નોંખી રીતે પ્રગટી આવે છે. જૂઓ-

જો એને અવગણો તો છે, ગણો તો કંઈ નથી એમાં,
ન વાંચો તો છે અધરું ને ભણો તો કંઈ નથી એમાં.
મહોબત થઈ ગઈ એ વાતને બાજુએ રાખીને,




તમે શોધો જો એનાં કારણો તો કંઈ નથી એમાં. (પૃ.11)

દુઃખ અને દર્દ કોઈનેય બતાવાય નહીં,
એ છુપાવાય, ઘણીવાર છુપાવાય નહીં (પૃ.14)
જો સાકાર દો તો નિરાકાર દઉં,
તમે સ્પર્શ આપો તો હું પ્યાર દઉં. (પૃ- 32)

કવિ જીવનનાં એવા એવા પાસાઓને સ્પર્શતા હોય છે જે આપણી અનુભૂતિ હોવા પછીએ વિશિષ્ટ રીતે કહેવાઈ હોય, પ્રગટીકરણ થયું હોય. ગઝલ જેવું સ્વરૂપ તો આમાં માહિર હોય છે. સામાન્ય રીતે પરંપરાગત ગઝલમાં સંવાદરૂપે, દૃષ્ટાંતરૂપકો દ્વારા વ્યક્ત થતી હતી એ તો લખાય જ છે. એમાં અવનવા પ્રયોગો કરીને ગઝલને સમયે સમયે વધારે પ્રસ્તુત બનાવવાનું કાર્ય ગુજરાતી ગઝલે પણ કર્યું છે. દેશની સમૃદ્ધ ગઝલ પરંપરામાં ગુજરાતી ગઝલની સમૃદ્ધિ અવગણી ન શકાય એવી છે. સદ્ય અવગમન અને ચિત્તમાં થતો અર્થવિસ્તાર કે નાવીન્ય ગઝલને તરોતાજાં રાખતી હોય છે. ભરત વિંઝુડાની કેટલીએ રચનાઓ આવી તાજગીનો અનુભવ કરાવવા સાથે ભાવકચિત્તને લોભવાનારો અનુભવ આપનારી નીવડે છે.

રજૂઆત કશીએ અઘરી નહીં, અભિધા સ્તરે રહીને ય ચમત્કૃતિ સાધવાની આવડત એમની પાસે છે.

એક, બે, ત્રણ, ચાર, બીજું કંઈ નહીં,
હોય થોડા યાર, બીજું કંઈ નહીં.
હું તને ક્યારેય ના છોડી શકું,
છોડવો સંસાર, બીજું કંઈ નહીં. (પૃ.41)

તો આવી સહજ દૃશ્યો આપતી રચનાઓ પણ છે, જેને તાણીતુસીને રચનારૂપે સરજી હોય...

બેઉ પગ પર બિરાજશે ઢોલક,
સૂરને તાલ આપશે ઢોલક.
હોઈએ સામસામે તો પણ શું?
બેઉ બાજુએ વાગશે ઢોલક. (પૃ.45)

પણ કેટલીક રચનાઓ ચિત્ત ઉપર જબરી અસર નીપજાવે છે-

માત્ર નકશો રહી જશે કાગળ ઉપર,
એ જગાએથી પ્રજા નીકળી જશે.
આપણે બેઠા રહેશું આ સ્થળે,
બાજુમાંથી કાફલા નીકળી જશે. (પૃ.112)

ભરત વિંઝુડાએ આ પૂર્વે 14 કાવ્યસંગ્રહો પ્રકાશિત કર્યા છે. આટલું માતબર અને સાતતત્યસભર રીતે લખવું એ સામાન્ય વાત નથી. એમની 2020 સુધીની કવિતાઓને 'ભરતકામ'નામે (સમગ્ર કવિતા) પ્રગટ કર્યો છે. તળપદ, સહજપણું, સાદગીથી સભર પણ નોંખી અભિવ્યક્તિના પ્રયોગો કરતા આ કવિની રચનાઓ આપણને જરૂર આનંદ આપનારી હોય છે. ભરત વિંઝુડાનું સ્વાગત છે.

(તમારા માટે (ગઝલસંગ્રહ)- ભરત વિંઝુડા, પ્ર.આ. 2024, પ્રકા. સંવાદ પબ્લિકેશન, રામકૃપા, વેસ્ટર્ન પાર્ક, દ્વારકેશ નગર પાસે, ચિત્તલ રોડ, અમરેલી- 365 601, કુલ પાનાં- 120, કિં. 170.00, કાચું પૂંઠું, ડેમિ)

# ગુજરાત મિત્રના કોલમિસ્ટ પ્રફુલ શાહની ડોક્યુ-નોવલ 'સરહદનો સુપરકોપ'નું વિમોચન




મારી કારકિર્દીના શ્રી ગણેશ કરાવનારું કચ્છ મારા માટે કાયમ પ્રિય અને પહેલા ઘર સમાન રહેશે એવી લાગણી ગુજરાતના ભૂતપૂર્વ પોલીસ વડા શ્રી એ. કે. સિંહે વ્યકત કરી હતી. લેખક-પત્રકાર અને 'ગુજરાત મિત્ર'ના કટાર લેખક પ્રફુલ શાહના કચ્છના દંતકથા સમા વર્દીધારી હિરો દિલીપ અગ્રાવત પરની ડોક્યુ-નોવલ 'સરહદનો સુપરકોપ'ના વિમોચન વખતે તેમણે આ ભાવના વ્યક્ત કરી હતી. સૈનિક અને પોલીસ તથા સરહદ અને શહેરની મર્યાદાને ઓગાળતા શબ્દ-દેહનો પરિચય થયો અમદાવાદમાં યોજાયેલા અનોખા પુસ્તક વિમોચનમાં. પ્રફુલ શાહની નવી ડોક્યુ-નોવલ 'સરહદનો સુપરકોપ'ને આવકારતી વખતે રોમહર્ષક માહોલ સર્જાયો હતો. કચ્છના જાંબાઝ-ખમીરવંતા પોલીસ અધિકારી દિલીપ અગ્રાવતના અકલ્પનીય પરાક્રમમોને આવરી લેતા 'સરહદનો સુપરકોપ'ને અમદાવાદના કલાસ્મૃતિ સંકુલમાં હરખભેર પોંખવામાં આવ્યું હતું. આ સમારંભને દીપાવ્યો કચ્છના પૂર્વ પોલીસ અધીક્ષક, ગુજરાતના પૂર્વ પોલીસ મહાનિર્દેશક એ.કે. સિંહે. સાદા, પ્રમાણિક, બહાદુર, કડક છતાં સાવ સરળ અધિકારી તરીકે જાણીતા આ અમલદારે એક સમયે કચ્છમાં પડકારૂપ સંજોગોમાં દિલીપભાઈએ દાખવેલી અનન્ય-અભૂતપૂર્વ નિષ્ઠા, ધગશ અને હિમ્મતને બિરદાવી હતી. ખૂબ સફળ છતાં ધરતી સાથે જોડાયેલા હિન્દી, ગુજરાતી, મરાઠી ફિલ્મોના નિર્માતા, દિગ્દર્શક અને લેખક જયંત ગિલાટરે દરેક પુસ્તકમાં વૈવિધ્યસભર પણ અઘરા વિષય આવરનારા લેખક પ્રફુલભાઇને બિરદાવ્યા હતા. કથા-નાયક દિલીપ અગ્રાવતે પોતાની મજલ બદલ સંતોષ અને સર્વ સબંધિત પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ભારોભાર પ્રેમ અને અવસર આપવા બદલ દિલીપભાઈએ કચ્છનો આભાર માન્યો હતો. લેખક પ્રફુલ શાહે આવા અનસંગ હિરો-હિરોઇનને પ્રકાશમાં લાવવાની પોતાની ઝુંબેશને આગળ વધારવાની ખાત્રી ઉચ્ચારવામાં સાથે એને સમયની જરુરિયાત ગણાવી હતી. તેમણે અલ્પ શબ્દો થકી કચ્છ પરના ચાર પુસ્તકો અને 'સરહદનો સુપરકોપ'ના સર્જન પ્રક્રિયા પીરસી હતી પીઢ પત્રકાર અને માજી તંત્રી વિપુલ વૈદ્યે વિષયોચિત સંચાલન થકી નવભારત સાહિત્ય મંદિર અને રોનક શાહ પ્રકાશિત 'સરહદનો સુપરકોપ'ને અચુક માણવાનું - વાંચવાની આગ્રહભરી અપીલ કરી હતી.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નહેરુએ કરેલાં વિકાસકાર્યો આજની જનતાને ખૂબ જ નડે છે

અત્યારે સુવર્ણયુગ ચાલી રહ્યો છે અને આ સુવર્ણયુગમાં સાહેબને 15 લાખ લોકોનાં ખાતામાં નાખવાં છે. એક ડોલરને એક રૂપિયો બરાબર બનાવવો છે, સો સ્માર્ટ સિટી બનાવવાં છે, પેટ્રોલ ડીઝલ પાણી જેટલાં સસ્તાં કરવાં છે. દરેક શહેરમાં વાઈટ કોલર નોકરીઓનો ઢગલો કરવો છે. આ બધાં જ કાર્ય માટે એમને એક જ નેતા નડે છે એ છે નહેરુ. જો નહેરુએ વંદે માતરમને રાષ્ટ્રગીત બનાવી દીધું હતું તો અત્યારે આપણને આ બધી જ વસ્તુઓ પ્રાપ્ત થઈ ચૂકી હતી પણ નહેરુના કારણે આપણને આ પ્રાપ્ત ન થઈ શક્યું. નાનું બાળક પોતાના નિષ્ફળ વર્તમાનને છુપાવવા પોતાની ભૂલનો ટોકરો ભૂતકાળની પરિસ્થિતિઓ પર નાખતો જાય છે પણ અહીં સાહેબનું વલણ એ નાના બાળક કરતાં પણ નાનું છે. પહેલાંના જમાનામાં મહારાજાઓ પ્રજાના વિરોધથી બચવા પોતાને ભગવાનની ઉપાધિ કે તેના સમકક્ષ કોઈ ઉપાધિ પોતે પોતાને આપી દેતા જેથી પ્રજાને રાજા પ્રત્યે આદરભાવ અને શ્રદ્ધા જાગે પણ આજકાલ સાહેબ અને એની ટીમ એ જ કાર્ય કરી રહી છે. પણ સાહેબને લગભગ એ ભાન ન હતું કે રાજા મહારાજા સામે વિપક્ષ જેવું કંઈ ન હતું અને સાહેબ પાસે તો નહેરુના કુળ અને મૂળ બંને કહી શકાય તેવું વિપક્ષ છે. અંતે બસ એટલું જ કે કટ્ટરતાનાં ચશ્માં પહેરેલાં માટે સાહેબ ખરેખર અવતારપુરુષ જ છે.

**અડાજણ, સુરત - ગિરીશ પોપટ**

## 16 ડિસેમ્બર 1971

લગભગ અડધી સદી અગાઉના યુધ્ધમાં થયેલા આપણા જ્વલંત વિજયમાં ભૂમિદળ, વાયુદળ અને નૌસેનાની વીરતા તેમજ સંકલનની ગાથા કે પછી તે સમયની આપણી સ્વદેશી ટેન્ક કે જેનાથી આપણે અમેરિકાની જગવિખ્યાત પેટન્ટ ટેન્કના ભુક્કા બોલાવી દીધેલા. આપણા એ નાનકડા સ્વદેશી નેટ જેટ ફાઈટર એ દુનિયાભરમાં પોતાનો રૂઆબ જમાવનાર એ અમેરિકન સેબર જેટને ભોંયભેગા કરેલા. નૌકાદળ પણ એટલું જ સક્રિય હતું. આઈએનએસ વિક્રાંત જેવા વિશાળકાય યુધ્ધપોત એટલા ચતુર હતા કે તેનું લોકેશન આપણા પશ્ચિમ દિશામાં અરબી સમુદ્રમાં છે કે પૂર્વ દિશામાં આવેલ બંગાળની ખાડીમાં, પાકિસ્તાન એ જ શોધી શક્યું ન હતું. આપણી છાતી આ બધું વાંચીને ગજ ગજ ફૂલે એ આનંદની વાત છે. પરંતુ રાષ્ટ્ર માટે તો 'ઉદ્યમેન કાર્યાણિ સિધ્ધયન્તે' માત્ર વાતોનાં વડાંથી નહીં. વાચક મિત્ર, આપણે આજે સૈન્યમાં ભલે જોડાઇ ના શકતા હોઈએ, પરંતુ લંકા વિજય માટે સેતુબંધ બાંધવામાં પેલી નાનકડી ખીસકોલીએ પણ સહયોગ કરેલો યાદ છે ને, બસ આ જ પ્રકારે આપણે રાષ્ટ્રની અંદર રહીને પણ આપણે દેશહિતનાં કામો કરી શકીએ છીએ. જેમ કે પૂ. ગાંધીજીએ કહેલી વાત કોઈ અડે ના અભડાવું. બીજી વાત છે પર્યાવરણ. આપણે ઘરમાં એકાદ છોડ વાવીએ કે પછી બાગના છોડ/વૃક્ષને માટે વોટર બોટલ લઈ જઈએ. ઘરમાં પણ જો આપણે સંપ-સહકાર અને સંસ્કારનું વાતાવરણ રાખીશું તો દેશ રૂપી ઘર પણ ઘડાશે.

**પાલણપોર ગામ, સુરત- ચેતન જોષી**

## શાળા છોડનાર બાળકોમાં વિસ્ફોટક વધારો

તાજેતરના સરકારી આંકડાઓ એક એવી હકીકત બતાવે છે, જેને અવગણવી હવે શક્ય નથી. છેલ્લાં પાંચ વર્ષમાં દેશમાં લગભગ 65.7 લાખ બાળકો શાળા છોડીને બહાર નીકળી ગયાં. અને એમાં પણ સૌથી વધારે અસર કિશોરીઓ પર પડી છે. ગુજરાત માટે પણ આ સ્થિતિ એટલી જ ધક્કો પહોંચાડે તેવી છે. 2024માં જ્યાં 54,500 જેટલાં બાળકો શાળા છોડતાં હતાં, ત્યાં 2025-26માં આ આંકડો 2.4 લાખ સુધી ઉછળી ગયો. આટલી મોટી સંખ્યામાં બાળકો અભ્યાસ છોડી દે છે, તેનાં કારણો આપણી સામે સ્પષ્ટ છેઃ જેમાં રોજગારી માટે પરિવારને અહીં-ત્યાં ખસવું પડે છે. ઉપરાંત પરિવારની આવક ઘટતી જાય છે અને ખર્ચ વધે છે. હજુ પણ અનેક પરિવારોમાં દીકરીઓને ઘરકામ, પરિવાર સંભાળવા અને નાના ભાઈ-બહેનોની જવાબદારી નિભાવવી પડે છે. દીકરાઓને નાનાં-મોટાં ધંધામાં જોડવામાં આવે છે. શું આપણે આપણી આગામી પેઢીને સાચે જ સુરક્ષિત અને શિક્ષિત ભવિષ્ય આપી રહ્યા છીએ? શું સરકાર ઘરગથ્થુ મજૂરી અને બાળમજૂરી સામે પૂરતાં કડક પગલાં લઈ રહી છે? શું આર્થિક રીતે નબળાં પરિવારો સુધી શિક્ષણ સહાયતા યોગ્ય રીતે અને પૂરતી માત્રામાં પહોંચી રહી છે? શું સમાજ તરીકે આપણે જવાબદારી નિભાવીએ છીએ? કેમ કે શિક્ષણ અધિકાર છે અને શિક્ષણ માત્ર તેમનાં માતા-પિતાની જવાબદારી નથી. એ તો સમગ્ર દેશની, સમગ્ર સમાજની, અને દરેક સજાગ નાગરિકની ફરજ છે. ચાલો, બાળકોને પાછાં શાળામાં લાવવાનું આંદોલન ફરી જીવંત કરીએ.

**પરવત ગામ, સુરત- આશિષ ટેલર**

## દીકરીનાં સંસારમાં પિયરથી ચંચુપાત ન જ કરવો

દીકરી પારકી થાપણ કહેવાય એ ઉક્તિ સમાજમાં પરંપરાગત રીતે માનવામાં આવે છે. જે દીકરીને લાડ લ઼ાડવી ભણાવી ગણાવી ને નાને થી મોટી થતાં દીઠી હોય એને સાસરિયે મોકલતા માવતરના નયનો અશ્રુભીના થાય જ એમાં બેમત નથી . પણ એના સંસારમાં પિયગપક્ષ (ખાસ કરીને માતા) વધુ પડતાં ચંચુપાત ન કરે એમાં જ દીકરીની ભલાઈ છે. દીકરીને સંસ્કારી જ બનાવો. સાસુ-સસરાને માતા પિતા તુલ્ય ગણે એવું જ સંસ્કાર સિંચન કરો. અને સાસુ જોએ દીકરીને (પૂત્રવધૂ) ને એમના ઘરના રિતરિવાજથી વોર્કર કરતી હોય થોડું કડકાઈ ભર્યુ વલણ અપનાવતી હોય તો એમાં દીકરીની માતાએ ઉગ્ર થઈ દિકરીની કામ ભંભેરણી કરવાની લેશમાત્ર જરૂર નથી. સાસુ સદા પૂત્રવધુની દુશ્મન હોતા નથી. એના દિકરાનો સ્નેહ હવે બે પન્ને વિભાજીત થઈ જાય એટલે કદાચિત મનમાં ઓછું આવી શકે. પણ એ સમયે વિચારશીલ થવાની આવશ્યકતા છે.દિકરો પણ એ સમયે વિચારશીલ થવાની આવશ્યકતા છે.દિકરો પણ જીવનસંગિની લાવ્યો હોય છે એની પત્નિ પ્રત્યે પણ ફરજ છે જ. જેટલાં દિકરીના સંસારમાં ચંચુપાત ન કરશો. એટલી જલ્દી દિકરી ત્યાં સારી રીતે 'સેટ' થઈ જશે. સમસ્યા તો કદાચિત પ્રત્યેક પરિવારમાં હોય પણ એનું સમાધાન જરૂરી છે હા, દિકરીને અયોગ્ય રીતે હેરાન કરતાં હોય તો માતાપિતાએ એની પડખે ઊભા રહેવાની ફરજ બજાવવી આવશ્યક પણ દિકરી બધી રીતે સુખી હોય તો કંઈક જતુ કરવાની સલાહ આપવી અનિવાર્ય જીવનમાં બધુ બધાને નથી જ મળતું સમાધાન અને સ્વીકાર લગ્નજીવનની બુનિયાદ છે.

**નવયુગ કોલેજ, રાંદેર રોડ, સુરત- નેહા શાહ**

## વંદે માતરમ્

આપણા દેશના ઈતિહાસમાં ઘણી મહત્વપૂર્ણ ક્ષણો આવી છે જ્યારે ગીતો અને કલાએ વિવિધ સ્વરૂપોમાં જાહેર લાગણીઓને આકર્ષિત કરવા શૂકદેવનો આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગીતો એ અલગ સન્માન અને ભારતીય સમાજને એકતા લાવ્યા હતા. આપણા રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ્ જેનો ઈતિહાસ યુદ્ધ ભૂમિ પર નહીં પરંતુ એક વિદ્વાન બંકિમચંદ્ર ચટોપાધ્યાયનો શાંત પરંતુ અટલ સંકલ્પથી શરૂ થાય છે. 1875 માં જંગધાતી પૂજા કાર્તિક શુક્લ નવમી અક્ષય શાસ્રના દિવસે તેમણે એક સ્રોત રચ્યું જે ભારતની સ્વતંત્રતાનું શાશ્વત ગીત બન્યું. ભારત ફક્ત ભૂમિનો ટુકડો નથી એક ભૂ-સાંસ્કૃતિક રાષ્ટ્ર છે જેની એકતર, સંસ્કૃતિ અને સભ્યતાઓથી આપે છે. એક તીર્થ સ્થાન છે. સ્મૃતિ બલિદાન બહાર કરી અને માતૃત્વથી બંધાયેલ પવિત્રભૂમિ છે. મહર્ષિ અરવિંદોએ બંકિમ ચંદ્રને આધુનિક ભારતના ત્રૃષિ કહેતા હતા. પસારતી ભારતના સૌથી અંધકાર મય સમયગાળામાં રચાયેલું વંદેમાતરમ્ જાગૃતિનો ઉદય બન્યુ. મહાત્મા ગાંધીએ વંદેમાતરમ્ને સૌથી નીરસતાને પણ જાર્ગૃત કરામની જાદુઈ શક્તિ ગણાવી હતી. શુ આકારને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વંદેમાતરમ્ ના ઈતિહાસ ને 150 મી વર્ષ ગાંઠની ઉજવણીની જાહેરાત કહી એમનો દરેક કાર્યમાં રાષ્ટ્રપ્રથમની ભાવના અગ્રનિ રહી છે. આગમણ મહાનતા એ છે કે આજે પણ એટલે જ પ્રસ્તુત અને તાજગીભર્યું છે. દેશશબ્દમાં દેશની સુજલામસુફલામ ધરતી અને ભારતમાતા પ્રત્યેની ભક્તિ નીતરે છે. જ્યારે પણ શૌર્ય બલિદાનનું આવ્યુ ત્યારે કાયર દુશ્મનોએ ઓપરેશન સિંદૂર વ્દારા દર્શાવી દીધું કે આ ઘટાને અમે વર્ષોથી બહુબલ પરિણામ્ હિમુદલ વટ હિણદય સ્નેહ સંબોધીક્ (વંદે માતરમ્).

**- જયસિંહં હ શર્મા**